સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૫૧

ઝૂંટવી જમીન બાંધ્યા આશ્રમ, પાપના પાયા પર,
બાંધ્યા માયાવી કીર્તિના મહેલ, પાપના પાયા પર,
પાપના પાયા પર કર્યો ખોટો ધર્મનો ઘજાગરો -
અને ચણી ચારિત્ર્યની કબર, પાપના પાયા પર
(આશારામ-નારાયણ)

હાઈકુ

કર્યું કાયદાએ
સ્ટીંગ ઓપરેશન -
થ્યો 'તેજો'વધ..
(ધરપકડ)

કરી પરખ,
કસોટીના પથ્થરે -
કચ્ચી 'સોનાં'ની
(અનુભવી નજર)

ચિંતન

કૃતવાનન્યદેહેષુ કર્તા ચ વિધુરં મનઃ ।
અપ્રિયૈશ્ચિર સંયોગો વિપ્રયોગઃ પ્રિયેઃ સહ ॥

સુભાષિત રત્ન ભાંડાગારનો 'સામાન્ય નીતિ'નો આ શ્લોક સંસાર વ્યવહારમાં ચાલતી અનીતિ અને મૂલ્યોના હનનની વાત કરે છે :-

'જે સ્વચ્છંદી જન પોતાનાં-માતા-પિતા-પત્ની બાળકોનો ત્યાગ કરી અન્ય જનો કે પર સ્ત્રી સાથે મન જોડે છે, સંબંધ રાખે છે - અને ફરી મન અને સ્વભાવની ચંચળતા વશ એમનો પણ ત્યાગ કરી પ્રિય પાત્રોને બદલતો રહે છે - એના વિશે સમજી લેવું કે એ મનથી કોઇને પણ વહાલ કરતો નથી ચાહતા નથી અને એવાં જ સામેના પાત્રો પણ પોતાના સ્વાર્થ જેટલો જ આપતાં હોય છે. આવા માણસો ક્યાંય ના રહેતા નથી - 'ન ઘરના - ન ઘાટના..'

ચારિત્ર્યહીન માણસને પ્રેમ-લાગણીના કોઇ સંબંધોનું મૂલ્ય નથી હોતું - એનો ચંચળ સ્વભાવ અને ભટકતી ઇચ્છાઓથી તેની વૃત્તિ-માનસ ભિખારી અને ભૂખ્યા વરૂ જેવી થઇ જાય છે-માત્ર શારીરિક ભૂખ માટે ઠેર-ઠેર નજર દોડાવતો રહે છે આમાં 'બાપુઓ'નાં બેય નહીં બધાં જ બગડે છે.

આજની તારીખમાં આશારામ-નારાયણ પર ઘરની સ્ત્રીઓ-ખાનગી વિશ્વાસુ શિષ્યો-સાથીદાર-મિત્રો-નેતાઓ બધા થૂ-થૂ કરે છે. હવે નથી રહ્યા કોઇ આશ્રમ કે નદીના કોઇ ઘાટના... આવા માણસનો કોઇ બચાવ-વિશ્વાસ કરતું નથી- બધા જ ત્યાગ-ધિક્કાર-ફીટકાર વરસાવે છે.

સુવિચાર

- પોપટને ભગવાનનું નામ શિખવાડો તો એ પણ બોલે, પરંતુ એને કોઇ શબ્દના અર્થ ખબર નથી માટે એ સુખી છે - *ખલીલ જિબ્રાન*
- ઢંઢેરો પીટ્યા વગર કોઇ માટે કંઇક કરવું એ સૌથી મોટો પરોપકાર- *જેમ્સ.મહાચાર્ય*
- મૃત્યુ એ ફ્રેમ છે, ચિત્રની ફ્રેમ. એ પહેલેથી જ છે. ફક્ત તમારે એમાં જીંદગીના રંગો પૂરી લેવાના છે - *ઢેમરશીલ*
- જીંદગી જીવી જવાની લ્હાયમાં, આપણે કૂદી રહ્યાં છે ખાઇમાં, રામ-રાવણની જરૂરત ક્યાં હવે, સંપ ના દેખાય ભાઇ-ભાઇમાં - *સુરેશ દલાલ*
- પ્રેમ એક અનેરો અહેસાસ છે, જીવનનો આધાર છે, બે દિલો વચ્ચેનો અહેસાસ છે, હું શા માટે પ્રેમ ના કરૂં કે જેમાં પ્રભુનો વાસ છે - *જ્ઞાન સૂત્ર*
- જીંદગીમાં ક્યારેક પ્રેમ કરવાનું મન થાય તો દુઃખ સાથે પ્રેમ કરી લેજો, કેમ કે દુનિયાનો નિયમ છે, જેને જેટલું ચાહશો એને એટલું જ દૂર પામશો - *ઉર્વ બંદારાણા*
- જ્યારે તમે કોઇને પસંદ કરવા લાગો છો ત્યારે એની બુરાઇઓ ભૂલી જાઓ છો, જ્યારે તમે કોઇને ના પસંદ કરો છો તો એની ખૂબીઓ ભૂલી જાઓ છો- *શાહબુદ્દીન રાઠોડ*

(સંકલન : દીપક બી.આસરા)

બોધ કથા

કોઇ અભણ મેકેનીક દૂરથી પસાર થતી ગાડીનું નામ, મોડેલ અને કંપની જાણી શકે છે. અભણ માળી વૃક્ષ-ફૂલ, ફળની પ્રકૃતિ અને તેનો વૈજ્ઞાનિક વિકાસ, અભ્યાસ વિના જાણતો હોય છે, અભણ કૂતરાં પાળનારા કે પશુપંખીના પાલકો એમની મૂક વેદના ભાષા-પ્રેમ સમજી શકે છે.. ભણતર કરતાં હૃદયની વાત વાંચવાની 'સાક્ષરતા' જરૂરી છે.

જમીનદારનો એક વિશ્વાસુ ચાકર વર્ષોથી જમીનદારની સેવામાં હતો. પાકો નમાઝી અને નીતિમાન. નમાઝ પઢતાં એવો ભાવુક થઇ જાય કે આંખમાંથી આંસુ ટપકી પડે!

શેઠે એકવાર એને પૂછ્યું તે કુરાનનો અભ્યાસ તો કર્યો નથી - અભણ છો - અલ્લાહ તારી સામે આવી ઊભા રહે તો તને ઓળખતાં કે તેની સાથે સંવાદ કરતાંય તને નહીં આવડે! ત્યારે તું શું કરીશ?

શેઠ સવારનો સૂર્યોદય, અસ્તના સંધ્યાનાં રંગ, ઝરણાંનું કલકલ, પશુપંખીના કલરવની ભાષા આપણે ક્યાં જાણીએ છીએ છતાં આનંદ માણીએ છીએ ને? અલ્લાહ હાજરીની દિવ્ય સુગંધ હું મહેસૂસ કરૂં છું મને અક્ષરજ્ઞાન જરૂરી નથી લાગતું.

Email - sureshchandrabhatt18@gmail.com

દુનિયાનો કોઇ ધર્મ ખોટું કે ખરાબ શીખવતો નથી; બની બેઠેલા ધર્માત્માઓ જ ગડબડ ઊભી કરે છે...

વિચાર યાત્રા
- ડો. જય ઓઝા

આજકાલ ધર્મનો પ્રચાર કરનારા સંપ્રદાયો ખૂબ વધી ગયા છે... આજકાલ દરેક સંપ્રદાયને સુપર સ્પેશ્યિલ અને યુનિક થવું છે.

"ધારયતિ ઇતિ ધર્મ:" અને "ધર્મો રક્ષતિ રક્ષિત :" વાળા વાક્યો અને તેનો અમલ અર્થ ક્યારનો સ્વાહા થઇ ગયો છે...

(હા! ભાઇ આ ધર્મ અને સંપ્રદાય વચ્ચે પાછું આભ-જમીનનો તફાવત છે... Religion એટલે સંપ્રદાય. Religion એટલે ધર્મ નહીં. આ વળી અલગ કન્ફ્યૂઝન છે પછી કોઇ વાર વાત.)

હા! તો આજકાલ ધર્મ શીખવતા સંપ્રદાયો ખરેખર શું શીખવે છે? - ધર્મ એ મોટા મોટા કલાત્મક સ્મારકો બનાવવાની સ્પર્ધા છે.

લોકો મલ્ટીપ્લેક્સમાં પિક્ચરો જોઇને કંટાળે છે, પછી કોઇક દિવસ ફોર અ ચેન્જ કોઇક સંપ્રદાયના મ્યુઝિયમની મુલાકાત લઇ આવે છે... મલ્ટીમીડિયા શો જોઇ આવે છે... મંદિરની જ રેસ્ટોરામાં પિઝા પેપ્સી આરોગીને રવિવારને ધાર્મિક બનાવે છે...

તો વળી સંપ્રદાયો માત્ર આલીશાન મંદિરો કે સ્મારકો બનાવીને બેસી ન રહેતા વિશાળ સંકુલવાળી આલીશાન Internation School બનાવે છે. ધર્મના નામે અઢળક રૂપિયા આપતા વાલીઓ પાસેથી વિદ્યાર્થીઓ ઢસેડી લાવે છે, અને તે જ સંસ્થામાં સિક્ષકોને મામૂલી માનધન આપીને માન હણવાનું કાર્ય કરે છે...

આની કરતા તો બીજા ટ્રસ્ટની મોંઘીદાટ બિલ્ડીંગોવાળી અઘધ.... ફી લેનારી શાળાઓ શું ખોટી? કે જે ધર્મના અંચળા હેઠળ તો આવું કશું કરતી નથી?

કોઇ સંપ્રદાય દંત-મંજન શેમ્પુ વેંચે છે, કોઇ શિબિરો ચલાવે છે, કોઇ સંપ્રદાય પ્રવચનોની CD વેંચે છે... વ્યાખ્યાનો પર વ્યાખ્યાનો ચાલે જ રાખે છે... આ તો ધાર્મિકતાનો આફરો ચડાવ્યા જેવું છે...

ચાલો ભગવાન-ભગવાન રમીએ

S.G. રોડ બે વસ્તુને કારણે પ્રખ્યાત છે... એક ખૂબ જ ઢાબા ટાઇપ રેસ્ટોરાના કારણે અને બીજું દરેક કિલોમીટરે આલીશાન મંદિરો આવતા હોવાના કારણે...

જો આ બધા જ સંપ્રદાયો IPO લાવીને લીસ્ટેડ થાય તો નવો ધાર્મિક ઇન્ડેક્ષ લાવીને તેનું પણ ટ્રેડિંગ કરી શકાય... (લાગતા - વળગતાઓ વાંચીને પ્રયત્ન શરૂ કરી દો ચારો...) આપણા દેશમાં તો આ પણ શક્ય છે.

કૃષ્ણ મંદિરવાળા શિવજીની દેરીને ટેઇક ઓવર કરી લઇને પોતાની બ્રાન્ડ વેલ્યુ વધારી દે છે... હનુમાનજીનાં મંદિરમાં જઇએ તો ભૈરવદાદા અને શનિમહારાજ તો એક પર બે ફ્રીની સ્કીમમાં હાજર જ હોય છે ને! લોકોને પણ સારૂં રહે એક કાંકરે બે-ત્રણ પક્ષી મારી દેવાય...

હવે ધીમે ધીમે મંદિરોમાંથી ભોજનશાળાઓ અને સદાવ્રતો દૂર થઇ રહ્યા છે અને પિઝા, ભાજીપાઉં, ચણા-પૂરીના Self Service Counter ખૂલી રહ્યા છે.

તો પછી સામાન્ય માણસ વિચારે ને કે સિનેમા જોવા જઇએ તો Intervalમાં પોપકોર્ન-પેપ્સી શા માટે ખાવા?

આની કરતા તો પ્રવચનમાં જઇને બ્રેકમાં Pizza ન ખાઇએ... Atleast મંદિરના પ્રાંગણમાં પેટની ધન્યતા સાથે ધર્મની ધન્યતા પણ અનુભવાશે...

અત્યારે મોટાભાગના સંપ્રદાયો પાસે એટલી જમીનો અને Reserved છે કે, જેને મીડકેપ સેક્ટરની રીઅલ એસ્ટેટ કંપનીઝનો સામનો કરી શકે... પણ આવું નહીં થાય... સંપ્રદાય કોર્મશીયલ લાગે ને!

કોઇ સંપ્રદાય એવું કહેતા આગળ આવ્યો કે ભારતમાં ગામડાઓમાં હજી સુધી કુદરતી હાજત માટે શૌચાલયની વ્યવસ્થા નથી, તો જાહેર શૌચાલયો બનાવીએ? ત્યારે તો મોં મચકોડીને કહેશે કે આ કામ તો સરકારનું છે... તો શું તેમના ટ્રસ્ટોને જૂની જંત્રી પ્રમાણે અને ટોકન દરોએ જે જમીનો આપી છે તેમાં તમાકુની ખેતી કરવી છે?

દુનિયાનો કોઇ ધર્મ ખોટું કે ખરાબ શીખવતો નથી; બની બેઠેલા ધર્માત્માઓ જ ગડબડ ઊભી કરે છે...

રોજિંદી હાડમારી અને પરેશાનીઓથી ત્રસ્ત પ્રજા કોઇ આશરો શોધવા સહારાની ખોજમાં જે - તે સંપ્રદાય વાળા બની જઇને... વાડાબંધી શરૂ કરે છે... "અમે ઊંઝ અશાંતિ વાળા..." અને "આસારામ વાળાં" અને "ગયા રામ" વાળા...

વિચાર તો કરી જુઓ આવા ધૂતારાઓની નાગચૂડમાં લોકો કેવા ફસાઇ ગયા છે કે બાપ-જેલમાં છે - દીકરો ભાગતો ફરે છે... પણ સાધકો હજી વિશ્વાસ છોડતા નથી...

અરે ભગવાન! હવે તો ભગવાન બતાવનારાઓ બીક લાગે છે... પ્રભુ તમને પણ સ્પ્લીટ AC અને ગૂગળના ધૂપની એલર્જી નથી થતી? આમ તો તમે અમને બધાંને મંદિર અને શિબિરોના ચક્કરમાં રાખીને સ્વયં હિમાલયમાં જ રફુચક્કર થઇ ગયા છો! એટલે Safe છો...

પણ અમે માણસો પણ કાંઇ ઓછા નથી જુઓને ગ્લોબલ વોર્મિંગ ઊભું કરીને ઉત્તરાખંડની ત્રાસદી ફેલાવી જ દીધી ને! જલ્દી કોઇ સારી અને સલામત જગ્યા પર ચાલ્યા જાવ. ઇધર બહોત Confusion હૈ God!

ટચુકડી જા x ખ

જોઇએ છે

ટ્રસ્ટીની ઓફિસ,
એમ્યુઝમેન્ટ પાર્ક,
સી.ડી.શોપ,
ફુડ કોર્ટ, ઓડિટોરીયમ
પેઇડ પાર્કીંગ અને રોડ ટચ મંદિર માટે
'ભગવાન' જોઇએ છે...

એંસી વર્ષે પણ શિક્ષક, સર્જક તરીકે ભર્યું ભર્યું જીવન માણતા વસંતબેન

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

"પ્રયત્ને પોતાના તસુભર જમીનેય જીવતી,
ભલે અલ્પક્ષેત્રે ભૂજબળ થકી સિદ્ધી વરવી."

પુરૂષાર્થને પોતાના જીવનમાં આગવું સ્થાન આપનાર સ્વ. શ્રી જીવરાજભાઇ મનજીભાઇ કરકથરાની સૌથી નાના પુત્રી સુ.શ્રી વસંતબેન જીવરાજભાઇ કરગથરાની ઉપર પિતાશ્રીના જીવનની છાપ પડી છે. વસંતબેનનુ બચપણ તોફાનમાં ક્યાં ચાલ્યું ગયું ને રાજકોટ સદરથી પ્રાથમિક કન્યાશાળામાં શિક્ષણ પુરૂં કરીને શેઠ જી.ટી.ગર્લ્સ હાઇસ્કૂલમાં પગ માંડ્યા ને ત્યાં શિક્ષણ લેતા રમતાં ભમતાં સ્કોલરશીપ પાસે થઇ બાર્ટન ટ્રેનિંગ કોલેજમાં ફૂલ્લી ટ્રેન્ડનો બે વર્ષ અભ્યાસ કર્યો, અને તેમાં ફર્સ્ટ ક્લાસ ઉત્તિર્ણ થયા.

તેમના પિતાજી સુતારીકામ કરતાં અને ભણેલાં પણ હતા. શિક્ષણની કિંમત સમજતાં હોવાથી પોતના સંતાનોને શિક્ષણ આપવાની પાછી પાની કરી ન હતી. તેવી જ રીતે માતા. સ્વ. શ્રી કંકુબેન ભણેલાં ન હતા પણ પ્રોત્સાહન જરૂર આપતાં, અને મહેનતું એટલાં જ હતા. તેઓશ્રી ભરતના (કલા) અજબ શોખીન હતા. આજે પણ તેનું ભરત બેનમૂન સચવાઇ રહ્યું છે. તેમની કલાનો શોખ તેમની બદ્દી પુત્રીઓમાં ઉતર્યો છે. વસંતબેનના મોટાબેન સ્વ. મંગળાબેન નરેન્દ્ર કુંવરબા કન્યાશાળામાં શિક્ષિકા હતા. તેની જેમ પોતે પણ શિક્ષક બને તે અભિરૂચિ વધારે મજબૂત બની અને માત્ર અઢાર વર્ષની વયે નોકરીમાં જોડાઇ ગયા.

નોકરીમાં પહેલાં પગથિયાની શરૂઆત વાંકાનેર કન્યાશાળામાં થઇ. ત્યાં માત્ર પાંચ મહિના નોકરી કરી રાજકોટ શાળા. નં.૧૦ તાલુકા શાળામાં આવી ગયા. આ દરમિયાન પિતાશ્રીના પ્રોત્સાહનને અભ્યાસ ચાલુ જ ક્યોં હતો તે ક્વેં યુનિ.ના બી.એ.ની પદવી ઢાંસલ કરી. આમ શિક્ષણમાં હરણફાળ ભરતાં તેઓશ્રી રાજકોટની શ્રી બાઇસાહેબબા ગર્લ્સ હાઇસ્કૂલમાં પહોંચી ગયા.

કહેવાયું છે ને કે,
"પંકથી પાંગરે પદ્મોને પ્હાણાઓ પ્રભુ થતાં
માટીના માનવમાંથી તો હું કાં ન બનું મહા."

આ યુક્તિ અનુસાર ભણાવવાની સાથે ભણવાનું તો ચાલુ જ હતું. એમ.એ. અને બી.એડ.ની ડીગ્રી પણ મેળવી લીધી. એ સમયે રાજકોટમાં સુતાર જ્ઞાતિમાં હાઇસ્કૂલમાં જનાર શિક્ષક વસંતબેન પ્રથમ જ હતા. આમ તેઓએ જ્ઞાતિમાં પણ ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

અહિં પંક્તિ પ્રસ્તુત કરીએ તો....
"જેમ પુરૂષાર્થને પાંખો હોય છે,
તે કલાને આંખો હોય છે."

પુરૂષાર્થ કરવામાં વસંતબેન કદી પાછા પડ્યા નથી. તેમણે સાહિત્યરસિક ઉમદા ભાવનાથી પ્રખ્યાત લેખકોનાં પુસ્તકો વાંચ્યા છે, વિચાર્યા છે અને પચાવ્યા પણ છે, અને તેના પરથી તેમને સર્જનની તાકાત મળી છે. નવલકથા, નવલિકા, ટૂંકી વાર્તાઓ, કંડિકાઓ, પ્રવાસવર્ણનો વગેરેનું કાર્ય પણ પુરજોશમાં થતું હતું. નિજાનંદ માટે આ બધા સાહિત્યનું સર્જનની તાકાત મળી છે. નવલકથા, નવલિકા, ટૂંકી વાર્તાઓ, કંડિકાઓ, પ્રવાસવર્ણનો પર જાળવી રાખ્યો છે. બેનમૂન ભરતકામ ઘણું કરેલ છે. આજે પણ વયસ્ક ઉંમરે પણ આ પ્રવૃત્તિની સરવાણી વહે છે.

હાઇસ્કૂલની ૩૨ વર્ષની કારકિર્દીમાં પ્રસંશાપાત્ર કામગીરી બજાવી છે ને વિદ્યાર્થી આલમમાં ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. સુતાર જ્ઞાતિમાં કેળવણી મંડળમાં સકાર્યકર તરીકે સેવા આપી છે. કેળવણી મંડળના સ્થાપના દિને તેમનું લખેલું નાટક "રે ઘુંઘટ તારી વિદાય" સ્ટેજ પર ભજવાયું હતું. રાજકોટ ગજ્જર સર્વિસ ગ્રુપમાં શરૂઆતમાં સહકાર્યકર રહી ચૂક્યા છે. આડોશ પાડોશમાં સેવા પ્રવૃત્તિ માટે સતત જાગ્રત રહ્યા છે. પૂ. પિતાશ્રીના આ કુટુંબ પ્રત્યે અનન્ય લાગણી છે. સ્વ. ભાઇલાલભાઇના પડખે નાનાભાઇની જેમ અડગ ઊભા રહીને સતત સાથ આપ્યો છે. ભાઇલાલભાઇના બંને સંતાનો દીકરીઓને ભણાવી ગણાવી નોકરી પણ ગોઠવી દીધી છે. વ્યવહારિક પ્રસંગો પર પાર પાડ્યા છે. તેમની મોટી ભત્રીજી કીર્તિદા મનહરલાલ વડગામા આજે રોઝરી સ્કૂલમાં પ્રિન્સિપાલનું પદ નિભાવી રહ્યા છે. બંને ભત્રીજીના સંતાનોનો ઉછેર પણ વસંતબેને કરેલ છે. મોટી ભત્રીજીનો દીકરો વૈભવ કોમ્પ્યુટર એન્જિનિયર બની કેનેડામાં માસ્ટર ડીગ્રી મેળવી ત્યાં કંપનીમાં અત્યારે સર્વિસ કરે છે. તેનાથી નાની બેન બંસરી વલ્લભવિદ્યાનગર ભાઇની જેમ આઇ.ટી.ની ડીગ્રીમાં અભ્યાસ કરે છે. તેમની નાની ભત્રીજી જ્યોતિદા વિપુલભાઇ ખંભાયતા દેના બેંકમાં સર્વિસ કરે છે. તેનો પુત્ર દિશીત અગિયાર સાયન્સમાં અભ્યાસ કરે છે. આ બધો ફાળો વસંતબેનનો છે.

આજે નિવૃત્ત થયાને ૨૧ વર્ષના વ્હાણાં વાય ગયા છે. શિક્ષણ પ્રત્યેનો જુસ્સો, શિસ્તના આગ્રહી, પરિશ્રમ, એકાગ્રતા અને ધારેલું કામ પાર પાડવાની દૃઢ મનોવૃત્તિ ધરાવે છે. તે આજે અકબંધ રાખી છે. કુદરત સાથે આજે ઘણાં ઓતપ્રોત છે. ઘર આંગણે મોટો બગીચો અને તેની સેવા સ્વાસ્થ્ય માટે આભારી છે. આજે ૮૦ વર્ષની ઉંમરે તંદુરસ્તી ટનાટન છે.

"માનવી માનવ થાઉં તો ઘઉં."

આ પંક્તિ તેના જીવનમાં સાર્થક બની છે, અને સાથે ખેલદીલી પૂર્વક હિંમતથી જીવી રહ્યા છે.

વસંતબેન ક્ષણે ક્ષણે વસંતઋતુની માફક ખિલતા રહે, સ્વસ્થ, પ્રસન્ન અને તંદુરસ્ત રહે તેવી શુભેચ્છા સાથે અભિનંદન આપીએ.

યુવાપેઢીને પ્રોત્સાહન આપો, માર્ગદર્શન આપો અને એમની વાતો સાંભળો, કારણ આજની યુવાપેઢી પર જ કાલનું ભાવિ નિર્ભર છે

પોઝિટિવ થિન્કિંગ
યશવંત કડીકર

જોતજોતામાં વર્ષ વીતી ગયું, ફક્ત એક વર્ષ જ નહીં, સદી પણ વીતી ગઇ. ગઇ સદીમાં, જે રોજ-બ-રોજના સંબંધો છે, વધતી જતી ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક વિચારાધારાનો ભાર છે, જ્યાં કોમ્પ્યુટર અને ઇન્ટરનેટે વિશ્વને ખૂબ જ નાનું બનાવ્યું છે, ત્યાં વિચારોમાં આત્મકેન્દ્રિતા પણ આવી છે. બધા જ ખૂબ જ ઉંમગ અને હોંશથી જે વર્ષની પ્રતિક્ષામાં હતા, એવી વિચારધારાથી કે આગલી સદી આપણને એવું કંઇક આપશે, જેનાથી દેશની, સમાજની અને વ્યક્તિની પરિસ્થિતિ સુધરી જશે.

નવા વર્ષમાં અનેક આશાઓ રાખીએ એ સ્વાભાવિક છે, પરંતુ પરિવર્તન જાતે નથી આવતું. તે માટે આપણે સૌએ જાતે પ્રયત્નો કરવા પડશે. વિચારસરણી બદલવી પડશે. આપણા ઘરેથી જ શરૂ કરેલું પરિવર્તન ધીમે ધીમે પડોશમાંથી, સમાજમાંથી આગળ વધતું દેશના રૂપને બદલી નાખશે. તો પછી આ વર્ષમાં કેમ આપણે એવો સંકલ્પ ના કરીએ જે વિશે આપણે હંમેશા વિચારતા જ રહ્યા છીએ - કરી શક્યા નથી?

● સ્ત્રી અને પુરૂષ એકબીજાના પૂરક બને :

સ્ત્રી અને પુરૂષનાં કાર્યક્ષેત્રોમાં પણ ઘણું પરિવર્તન આવ્યું છે. સ્ત્રીઓ પણ પુરૂષની જેમ નોકરી કરી રહી છે. ભણેલીગણેલી છે, સ્વાવલંબી છે, છતાં પણ સ્વભાવ પ્રમાણે આજે પુરૂષ સ્ત્રીને બરાબરનો દરજ્જો આપી શક્યો નથી. અહમ્નો ટકરાવ ઘરે અને બહાર બંને જગ્યાએ જોવા મળે છે. નોકરી કરતી બહેનો આજે પણ ઘર તથા બહાર બંને ક્ષેત્રોમાં જવાબદારી નિભાવે છે, જેથી એમના કામનો ભાર વધી ગયો છે. આપણે નવા વર્ષમાં આપણી આ બહેનોનો ભાર ઓછો કરવાનો સંકલ્પ લઇએ. આ નવા વર્ષમાં સવારે ઉઠી, ચા અને નાસ્તો તૈયાર કરી, પત્નીને આશ્ચર્યમાં મુકી દઇએ. કુટુંબમાં કેવો આનંદ ફેલાઇ જશે!

આ રીતે ઘણી જૂની-પુરાણી, ઘસાઇ ગયેલી રીત-રસમોને તિલાંજલિ આપી, પરિવર્તન લાવીએ. જેમ કે અઠવાડિયાના સાત વારોમાં એક વાર શુભ છે, એક વાર અશુભ છે - આ બધા વિચારોનો ત્યાગ કરીએ. આપણા ધાર્મિક તહેવારો અને એની પૂજા વગેરેનાં પરંપરાના નિયમોને નવા ઢાંચામાં અને એને સદ્ભાવનાનું પ્રતિક બનાવીએ અને એમાં આપણાં કુટુંબીજનોને પણ જોડીએ.

આજે સમાજમાં સર્જાયેલી વિભિન્ન સમસ્યાઓના નિરાકરણમાં આપણી શક્તિઓનો ઉપયોગ કરીએ, કારણ સદીના અંતમાં પણ કોઇ પરિવર્તન આવ્યું નથી. આજે પણ સતીપ્રથાનાં ઉદાહરણો જોવા મળે છે, બાળલગ્નો થાય છે અને દહેજની પ્રથા અને એમાં લેવાતો નારીનો ભોગ - એ તો વિદાય થયેલી સદીની સળગતી સમસ્યા બની રહેલ છે. નવા વર્ષમાં આવી બધી ખોટી પ્રથાનો વિરોધ કરીએ અને એને દૂર કરવા પ્રયાસ પૂરી તાકાતથી કરીએ.

● પશ્ચિમનાં આંધળા અનુકરણમાંથી બચીએ :

આજની યુવા પેઢી જે પશ્ચિમના આંધળા અનુકરણમાં રચીપચી છે, એને સાચું માર્ગદર્શન આપીએ.દિનબદિન વધતા ડ્રગ્સના સેવનથી એમને દૂર રહેવાની સલાહ આપીએ. આજના યુગમાં વધતાં ડ્રિંક, ડાન્સ અને ડિસ્કોની ફેશનમાં કારકિર્દી પ્રત્યેની બેદરકારી તથા સ્ત્રી-પુરૂષ-સંબંધોમાં મર્યાદાની લક્ષ્મણરેખા દ્વારા જુદી જ જાતની સંસ્કૃતિનું સર્જન કરીએ, જેમાં પિસાતો યુવાવર્ગ પોતાના વ્યક્તિત્વને લઇને સ્પષ્ટ નથી. એના પરનાં ફિલ્મ, મોડલિંગ, સૌંદર્યસ્પર્ધાના ભારણે એને છિન્નભિન્ન કરી નાખ્યો છે. આવા સંજોગોમાં નવા વર્ષ એમને સાચું માર્ગદર્શન આપવાનો સંકલ્પ કરીએ. માનવીય મૂલ્યો અને સંબંધોમાં આવી રહેલા પતન પ્રત્યે ગંભીરતાથી ચિંતન કરીએ અને વધતી સ્વાર્થલોલુપતાનો સ્નેહ, પ્રેમ જેવી માનવીય ભાવનાઓથી અટકાવવાનો પ્રયાસ કરીએ. આપણો એકબીજા સાથેનો મેળ અને સહનશીલતા જ આ સમસ્યાનું સમાધાન છે. એવું ન કરી શકીએ કે આ નવા વર્ષમાં જે પડોશી સાથે આપણે બોલતા ના હોઇએ એમને શુભેચ્છા પાઠવીને આપણા સંબંધોમાં સારા બનાવીએ? જો કામના બોજાના કારણે પત્ની કે કુટુંબને સમય ન ફાળવી શકતા હો, તો નક્કી કરો કે અઠવાડિયાનો એક દિવસ તો ઓછામાં ઓછો એમના માટે કાઢીશું જ. જો બાળકો પ્રત્યે તમે તટ્યાઇથી વર્તતા હો તો પ્રયત્ન કરો કે નવા વર્ષમાં એમની સાથે બેસીને એમની વાતો શાંતિથી સાંભળીશું.

આવી જ એક નવી શરૂઆત બીડી કે મદિરાપાન છોડવાનો સંકલ્પ લઇને કરવી જોઇએ. કોઇ પણ ખરાબ ટેવ છોડવી અને એ માટેની પ્રતિજ્ઞા લેવી એ પણ આ નવી સદીમાં આપની સિદ્ધિ લેખાશે. લગ્ન કે બીજા જાહેર પ્રસંગોમાં કરાતા ખોટા ખર્ચા રોકવા, કોઇ પણ જગ્યાએ ધાર્મિક અથવા વ્યક્તિગત ઉત્સવમાં પોતાનું વર્ચસ્વ વધારવા બીજાઓ માટે અગવડ ઊભી કરવી, રાત્રે મોડે સુધી 'લાઉડસ્પીકર' વગાડી મહોલ્લાના લોકોને સૂવા ના દેવા, કોઇ એવું કામ કરવું કે જેથી સામેની વ્યક્તિ તમારાથી નારાજ થાય કે ગુસ્સે થાય અને તમારૂં મનોરંજન એમના માટે બોજારૂપ બની જાય - આવી વાતોને અટકાવવાનો સંકલ્પ કરો. વાસ્સામાં મળેલી સંસ્કૃતિની જાળવણી કરીને અને આજના મોંઘવારીના જમાનામાં, જ્યાં સમાજનો નીચલો વર્ગ પોતાનું પેટ ભરવા માટે સંઘર્ષ કરી રહ્યો હોય, એવા સમયે હજારો રૂપિયાનો ખોટો ખર્ચ કરવો એ ક્યાનું શાણપણ છે? વીજળીની રોશનીની સજાવટ કે દારૂખાનું ફોડવામાં કરવામાં આવતો ખોટો ખર્ચ બચાવવાનો પ્રયાસ કરવો જોઇએ. એવો પણ સંકલ્પ કરો કે ફેલાતા પ્રદૂષણને ઓછું કરવામાં યોગદાન આપીએ. એવું પણ કંઇક વિચારો જે તમારા માટે નહીં, સમાજ માટે હિતકારી હોય. લગ્નમાં વધતી દહેજપ્રથા અને દેખાડાની પ્રવૃત્તિને અટકાવો. એના બદલે બાળકોને સારૂં શિક્ષણ આપો અને તમારી જાતને ધાર્મિક કુરિવાજોમાંથી બચવો.

● આત્મચિંતનની પ્રવૃત્તિ :

નવી સદીમાં પ્રવેશી ચૂક્યા છીએ, ત્યારે કંઇક આત્મચિંતન કરો અને પ્રયત્ન કરી એક લક્ષ્ય નિર્ધારિત કરો. પછી તમારા પ્રવૃત્તિમય જીવનમાંથી થોડો સમય કાઢીને એ લક્ષ્યને પહોંચવા માટે પ્રયત્નશીલ બનો. સમાજમાં આવતાં નવા પરિવર્તનને આવકારો, પરંતુ સમાજને બગાડતા અનિચ્છનીય સંબંધોને ઉત્તેજન ના આપો. યુવાપેઢીને પ્રોત્સાહન આપો, માર્ગદર્શન આપો અને એમની વાતો સાંભળો, કારણ આજની યુવાપેઢી પર જ કાલનું ભાવિ નિર્ભર છે, એટલે એ જાગૃત થાય એ ખૂબ જ જરૂરી છે.